ॐ

# સતી દમયંતી

## નાટકનાં ગાયનો.

**શ્રી દેશી નાટક સમાજ "બ્રાન્ચ" માટે**

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.**

ઠે. શાન્તિભુવન થીએટર,—અમદાવાદ.


આવૃત્ત ૧ લી        પ્રત ૫૦૦૦

સંવત ૧૯૭૭        સને ૧૯૨૧


કીંમત ૦—૪—૦

"શ્રી જૈન એડવોકેટ" પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ચીમનલાલ ગોકળદાસે છાપ્યા
ઘીકાંટા વાડી—અમદાવાદ.

ॐ

# સતી દમયંતી

## નાટકનાં ગાયનો.

---

સ્વર્ગસ્થ સાક્ષર ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરી આશ્રિત.

## "શ્રી દેશી નાટક સમાજ" બ્રાન્ચ માટે,

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.**

શાન્તિભુવન થીએટર—અમદાવાદ.

લેખક

**કવિ છોટાલાલ રૂખદેવ શર્મા.**

---

ડાયરેક્ટર મી. બબુપ્રસાદ મોહનલાલ કથારિયા.

સંવત ૧૯૭૭ સને ૧૯૨૧

આવૃત્તિ ૧ લી, પ્રત ૫૦૦૦

---

કીંમત રૂા. ૦-૪-૦

# "દમયંતી" નું પૂર્વ જન્મ ચરિત્ર.



દોહરા.

પૂર્વ જન્મનાં વૃત્તાંત આ અદ્દભૂત જેનું અનુપ
અર્બુદ પર્વત પર રહે ભીલ નામ આહુક
પવિત્ર પત્નિ આહુકી તે સહ કરે વિરામ
એક મઢુલીમાં રહી જપતાં પુરણનામ
એક દિવસ આહુક ગયો વનફળ મૂળને કાજ
અતીથિ રૂપે આવીગો પરમ હંસ કોઇ ત્યાંજ
કરી આતિથ્ય સુયોગીનું પ્રમદા કરી પ્રણામ
સંધ્યા સમયે સાધુને કરવા કહે વિરામ
અતિશે અંતર ઉલટથી ભીલણનો જોઈ ભાવ
સાધુએ તે સ્થળ વિષે રહેવા કર્યો ઠરાવ
આશ્રમ નાનો અધિક ત્યાં સુતાં સતી યતિ સાથ
પવિત્ર અંતર ઉભયનાં તે જાણે જગનાથ
વીતી રાત્રી પ્રહર જ્યાં આવ્યો આહુક ત્યાંય
કંદ મૂળ લેઇ કરી પર્ણકુટીની માંય
જોઇ નીજ પ્રીય પત્નીને અવર પુરૂષ સંગાથ
ઇર્ષા મન નહી આણતાં પામ્યો અતિ ઉલ્લાસ
ભયંકર જંગલ અતિ ઘણું સિંહ વાઘ વરૂ ત્રાસ
રક્ષા કારણ બારણે ભીલ ફરે ચોપાસ
અકસ્માત આશ્રમ વિષે આવ્યો સિંહ કરાળ
યુદ્ધ થતાં સિંહ ભીલનું થયો ભીલનો કાળ

## ઉપેન્દ્ર વજ્રા.

પ્રભાત થાતાં ભીલ નારી જાગી
જોઇ પતિને બની દુઃખ ભાગી
મુજ કાજ સ્વામી સ્વર્ગે સિધાર્યા
તો ધિક્ક જીવું બની હું અનાર્યા
[illegible] નાં રચી કાષ્ટ ચિતા
[illegible] તે પતિની ગતિમાં
[illegible] ધારો નીરખી સ્થાતિ આ
[illegible] ભાન ગતિ મતિ હા
થ [illegible] પરલોકવાસી
અ [illegible] ભીલ પૂન્યરાશી
હિ [illegible] જીવું હવે છે
પ્ર [illegible] નું મરી છૂટવે છે
અ [illegible] જોડું કીધું મેં વિયોગી
તે [illegible] કરૂં યોગી યોગી
પ્ર [illegible] પુરજો પ્રતિજ્ઞા
[illegible] મરતો યતિ ત્યાં,

### દાહરો.

અંતર [illegible] થતાં થયો સુમન વરસાવ
ધન્ય [illegible] સતી ભીલ પુણ્ય પરભાવ
અતીથિ [illegible] છે પરમ મનુષ્યનો ધર્મ
ધાર્યો [illegible] પુણ્યથી ઉદય થાઓ સત્કર્મ
પરજન્મે [illegible] થજો નૈષધપતિ નળરાય
ને ભીલણ [illegible] સુતા દમયંતી કહેવાય
પરમ હંસ [illegible] હંસ થઇ વસો નિષધ વનમાંહ્ય
ને તેના શુભ યત્નથી નળ દમયતી વરાય

# મુખ્ય પાત્રોના નામ.

## પુરૂષ પાત્રો.

નારદ—બ્રહ્માના પુત્ર વેદ પારાંગત મહર્ષિ.
નળરાય—પુણ્યશ્લોક ધર્મવીર મહાત્મા નૈષધપાત.
પુશ્કળ—નળરાયના કનિષ્ટ બન્ધુ.

ઇંદ્રસેન
ઇંદ્રસેના } —રાજ બાળકો.

સતયુગ
ત્રેતા
દ્વાપર
કળીયુગ } —ચાર યુગો.

ઇંદ્ર
અગ્નિ
વરૂણ
યમ } —દેવો.

હંસ— બ્રહ્માનું વાહન, નળ દમયંતીનો સન્મીત્ર.
ભીમકરાય—દમયંતીનો પિતા વિદર્ભ દેશનો રાજા.
સુદેવ—રાજપુરોહિત.
સુબાહુ—ચેદીપુરનો રાજા.
ઋતુપર્ણ—અયોધ્યાનો રાજા.
દેવશર્મા—ધર્મચુસ્ત શાસ્ત્રીમહારાજ.
સુદર્શન—દેવશર્માનો પુત્ર, કળીલક્ષણ પ્રધાન બ્રાહ્મણ.
[illegible]જી—એક ખવાસ.

## સ્ત્રી પાત્રો.

**દમયંતી**—ભીમક તનયા, પતિ પરાયણ મહાસતી.
**સુનંદા**—સુબાહુની પુત્રી અને દમયંતીની માસીની દીકરી.
**સરસ્વતિ**—બ્રહ્મતનયા, વાણી રૂપ શારદા.
લલિતા—કાનજીની સ્ત્રી.

દાસ, દાસી, વારાંગનાઓ, અપ્સરાઓ, નાયકાઓ વિગેરે.
સ્થળ—નૈષધ દેશ, વિદર્ભ દેશ, ચેદીપુર વિગેરે.



ओ३म्

॥ तत्सत् परमात्मने नमः ॥

# સતી દમયંતી

નાટકનો [illegible].

---

અં[illegible].

અંગ[illegible]

[illegible]—નૈષધ દેશના પુણ્યશ્લોક મહાત્મા નળરાયના ક્રીડા સરોવરમાં હંસોનો વિહાર, વનવિહ[illegible]ટે નિકળેલા શ્રીમાન્ નૈષધ પતિ નળરાયનું આગમન, ઉપવન અને સ[illegible]રની સુંદરતા સાથે સરોવ[illegible]માં હંસોની ક્રીડા જોઈ હંસને પક[illegible] નળરાયને [illegible]એલો મોહ હંસને [illegible] પકડવો, હંસનું ભયભીત [illegible]નું અને પોતાને મુક્ત કરવા નળને [illegible]તી, હંસની શરીરસં[illegible] [illegible] અને આશ્ચર્યકારક વાણી સાંભળ[illegible] નળને હંસ ઉપર થતા [illegible] મુક્ત નહિ કરવા નળનો આગ્રહ. [illegible]તપરાયણ હંસીનો [illegible] અને પોતાના સ્વામીને મુક્ત [illegible] નળ પાસે યાચના [illegible]નો ઇન્કાર. હંસીએ શ્રાપ દઇ વિદાય [illegible]ધું. પોતાના કુટુંબથી વિમુખ હંસે પોતાના આત્મ સંબંધી-ઓને એક વખત મળી પાછા આવવાની શરતે મુક્ત કરવા નળને [illegible]ર્થના, નિર્દોષ પ્રાણીના કરૂણાવિલાપથી નળને ઉત્પન્ન થએલી દયા,

હંસને બંધનથી મુક્ત કરવો, હંસનું ખુશ થઈ કુંડીનપુર નગરના મહારાજ ભીમકની પુત્રી દમયંતીના ગુણ સૌદર્યનું વર્ણન કરવું, દમયંતી માટે નળને થએલો મોહ, દમયંતી સાથે નળનાં લગ્ન કરાવી આપવા હંસે પ્રતિજ્ઞા કરી નળ તરફથી થએલ ઉપકારનો બદલો વાળવાના હેતુથી હંસનું દમયંતી પાસે જવું.

પ્રવેશ ૨ જો—હરીકીતન કરતા મહર્ષિ નારદનું આગમન નારદ મુનીના પ્રપંચમય વિચારો, સત્વ પ્રધાન સતયુગ તથા ત્રેતા અને દ્વાપર વચ્ચે પોત પોતાના શ્રેષ્ઠત્વ માટે વાદ વિવાદ, કળીયુગનું અકસ્માત પ્રગટ થવું અને યુગો સાથે વિતંડાવાદ કરી ચારે યુગોમાં પોતેજ સર્વોપરી શ્રેષ્ઠ હોવાનો અહંકાર ભર્યો શાસ્ત્રાર્થ નારદ મુનીનું વચ્ચે પડવું અને શાસ્ત્રાર્થનો ન્યાય કરવા પ્રત્યેક યુગના ગુણદોષ સાંભળવા, કળીયુગની સ્વસત્તા અને મોટાઇ સાંભળી ધર્મવીર મહારાજ નળરાયના ગુણનું વર્ણન કરી નળને સર્વોપરી શ્રેષ્ઠ જાહેર કરવો છતાં સ્વયંવર રચાવી નળરાયને વરવા આતુર થએલી દમયંતી સાથે જે લગ્ન કરે તે શ્રેષ્ઠ મનાય એ રીતે કળીને દમયંતી વરવા માટે ઉશ્કેરી નારદમુનીએ પોતાનો પ્રપંચ સિદ્ધ કરવો ને દમયતી વરવા કળીયુગનું વિદાય થવું.

પ્રવેશ ૩ જો—સુદર્શનનું આવવું, કળી પ્રભાવે ભ્રમીત થએલ સુદર્શનના પોતાની પ્રીતિપ્રાત્ર ખવાસણ લલીતાને મળવાના વિચાર, લલિતાનું આવવું, કળીયુગી વ્યભિચારનો પ્રત્યક્ષ ચિતાર આનંદમાં વિઘ્નરૂપ લલિતાનો ધણીનો ઘાટ ઘડવાનો વિચાર અને પરસ્પર હાસ્ય વિનોદ.

પ્રવેશ ૪ થો—કુંડીનપુર નગરમાં ભીમકનો બગીચો, સખીઓ સાથે દમયંતી, દુત તરીકે આવેલા હંસ સાથે દમયતીનો વાર્તાલાપ, હંસના મુખે નળરાયના ગુણુ સૌંદર્યનું વર્ણુન સાંભળી નળ પ્રત્યે દમયંતીનો પ્રેમ અને નળરાયને વરવા માટે દમયંતીની અભિલાષા હંસે નળ સાથે લગ્ન કરાવી આપવા કબુલ થઇ નળનેજ વરવા દમયંતી પાસે પ્રતિજ્ઞા કરાવી નીશાનીમાં દમયંતીનો મુક્તાહાર લઇ હંસનું વિદાય થવું.

પ્રવેશ ૫ મો—શાસ્ત્રીપુત્ર સુદર્શનનું એકાંતગૃહ, દુશ્મનને સંહારવાના વિચારસાગરમાં ગોથાં ખાતો સુદર્શન, લલિતાનો ધણી કાનજી પોતાની સ્ત્રીના પ્રપંચમાં ફસાઇ શાસ્ત્રીબાવાને ત્યાં આવે છે. સુદર્શનનો કાનજીનું ખુન કરવાના ઠરાવ, જોષ જોઇ કાનજીને યુકિત પૂર્વક ફસાવવો ફાંટાબાજ કાનજીની યુકિત અને દુઃખથી મેળવેલી મુકિત સુદર્શનના પિતા દેવશર્માને કાનજીએ સપડાવવા, લલિતાનું આવવું ગંભીર ગોટાળો, પોગળ વેરાઇ જવું, મારામાર અને ભાગાભાગ.

પ્રવેશ ૬ ઠો–દમયંતીનું અંતઃપુર, સખીઓ સાથે દમયંતી ઇંદ્રાદિ દેવો તરફથી દુત તરીકે આવેલા નળરાયનું પ્રસિદ્ધ થવું નળને યોગી જેવા મહાપુરૂષ સમજી દમયંતી તરફથી નળનું આતિથ્ય અને આગમનના કારણનો પ્રશ્ન ઇંદ્રિ, અગ્નિ, વરૂણુ આદિ દેવો તારી સાથેના સંલગ્નને ઇચ્છે છે જેથી હું તેમનો સંદેશ લઇ આવનાર દેવદૂત છું એમ જાહેર કરવું અને દેવવર વરવા દમયંતીને શીખામણુ સાથે આગ્રહ,

દમયંતીનો ઇન્કાર અને નળ પ્રત્યેના પ્રેમમાં દ્રઢ, વારંવાર નળનું સમજાવવું અને જો દેવો સાથેના લગ્નને ઇન્કાર કરીશ તો દેવો તરફથી તને શ્રાપ મળશે એવો ભય બતાવી દેવો સાથે લગ્ન કરવા આગ્રહ, નળને વરવાના નિશ્ચયવાળી દમયંતીને થએલો ક્રોધ અને આત્માઘાતની કોશીષ હંસનું અંતરિક્ષથી આગમન અને નળને પ્રસિદ્ધ કરી, નળ દમયંતીનો હસ્ત મેલાપ કરવો પરસ્પર પ્રેમદર્શન.

પ્રવેશ ૭ મો—મહર્ષિ નારદનું આગમન, હંસના દુત કાર્યથી પ્રસન્ન થવું અને સ્વયંવરમાંથી કળીયુગને પાછા પાડી ઉપહાસ્ય કરાવવા વિચાર, દમયંતીમાં આસકત કળીયુગનું સ્વયંવરમાં જવા નીકળવું, નારદની ભેટ અને કળીને સદ્દુપદેશ, કળીનો અહંકાર અને દમયંતી વરવા માટે નિશ્ચય.

પ્રવેશ ૮ મો—દમયંતી સ્વયંવર, સ્વયંવરમાં પધારેલા નૃપાલોના ગુણ વર્ણન જાણવા, સરસ્વતીને પ્રગટ થવા ભીમકરાયની સરસ્વતી પ્રત્યે પ્રાર્થના, સરસ્વતીનું પ્રગટ થવું દમયંતીનું વરમાળ ધારી સખીઓ સાથે આવવું સરસ્વતી મુખે પ્રત્યેક રાજવરોનાં ગુણ વર્ણન, દેવોનું ઉપહાસ્ય, સરસ્વતીએ દેવોને પ્રસિદ્ધ કરવા, ઈંદ્રાદિ દેવોએ ઉભય દંપતીના પ્રેમની સંપૂર્ણ કસોટીએ ખુશી થઇ વરદાન આપવું ઇંદ્રના હસ્તે પવિત્ર યુગલનું પાણિગ્રહણ કળીયુગની નિષ્ફલતા.

ડ્રોપ.

# અંક ૨ જો.

**પ્રવેશ ૧ લો**—પહાડી જંગલમાં નદી કીનારે નળરાયના કનિષ્ઠ બંધુ પુષ્કરની તપશ્ચર્યા, દમયંતી સાથેના લગ્નમાં નિષ્ફળ થએલ કલી અને દ્વાપરનો પ્રવેશ, કળીયુગે પોતાની સ્વસત્તાથી અપ્સરાઓ ઉત્પન્ન કરી મોહની જાળમાં પુષ્કરને ફસાવવો, નૈષધ દેશના રાજ્યપુરોહિત તરીકે બ્રાહ્મણ વેષે કળીયુગ અને દ્વાપરનું પુષ્કર પાસે પ્રસિદ્ધ થવું, રાજ્યલોભ, સ્ત્રીલોભ અને પુત્રલોભ વિગેરે સંસારીક લાલચમાં લલચાવી પોતાનું અર્ધરાજ્ય પાછું લેવા જુગારનો સંકેત કરી નળપાસે પુષ્કરને કળીયુગે મંત્ર સીદ્ધ સુવર્ણ દંડ આપી જુગાર રમવા મોકલવો.

**પ્રવેશ ૨ જો**—રંગમહેલમાં શ્રીમાન નળરાય અને સતી દમયંતીનો આનંદ પ્રસંગ, યોગીવેષે પુષ્કરનું આવવું, નળ પાસે દ્યુત એટલે જુગારની માગણી, પુષ્કરની બ્રમિતબુદ્ધિ જોઇ નળને શોક થવો અને જુગારના ખ્યાલને દુર કરવા પુષ્કરને સમજાવવો, કળીપ્રભાવે મોહાંધ થએલ પુષ્કરનો દ્યુત એટલે જુગાર માટે આગ્રહ, ક્ષત્રીય ધર્માનુસાર ધર્મસંકટથી નળરાયની હેરાનગતિ, જુગાર ન રમવા બંને ભાઇઓ પ્રત્યે દમયંતીનો સદુપદેશ, પુષ્કરનો દુરાગ્રહ, દમયંતીનું અંતઃપુરમાં ચાલ્યા જવું. ધર્મબંધનથી વ્યાકુળ નળે દ્યુતનો કરેલો સ્વીકાર, ત્રણ શરતે જુગારનો પ્રારંભ, પ્રથમ દાવમાં રાજ્ય, બીજામા દમયંતી અને ત્રીજા દાવમાં જે હારે તે ત્રણ વરસ વનમાં જાય એ શરતે જુગાર રમવો, કળીયુગે અદૃશ્ય રહી જુગારમાં નળરાયના સુલટા પાસા ઉલટા કરી નાખવાથી રાજ્યઐશ્વર્ય દમયંતી આદિ સર્વસ્વ હારવાથી ઘાર દુસ્કર્મના આઘાતથી નળનું મૂર્છાગત થવું.

**પ્રવેશ ૩ જો**—દમયંતીનું અંતઃપુર, દુષ્ટ જુગારના પાપી પ્રપંચમાં ફસેલા નળ પુશ્કર માટે દમયંતીનો શોક, નળરાય જુગારમાં સર્વસ્વ હારી જવાથી પુશ્કરે રાજ્યમુગટ ધારણ કરી રાજ્યમાં વરતાવેલી આણનો ઢંઢેરો સાંભળવો, શોકાગ્રસ્ત દમયંતી, પુત્ર ઇંદ્રસેન અને પુત્રી ઇંદ્રસેનાને બોલાવવાં, માતાના ઉદાસ જોઇ ઇંદ્રસેને કરેલો પ્રશ્ન, માતા તરફથી બાળકોને સાન્તવન, અને રાજ્યપુરોહિત સુદેવ સાથે બાળકોની મોસાળ જવાની તૈયારી, દરમ્યાન મોહાંધ પુશ્કરનો પ્રવેશ, દમયંતીના પ્રેમની માંગણી, સતીનો તીરસ્કાર, પુશ્કરનો જુલમાટ બર્ગો બલાત્કાર, માતાના પતિવ્રતસૌભાગ્ય રત્નની રક્ષા માટે ઇંદ્રસેનને થએલો ક્રોધ અને પુશ્કર સાથે વાગયુધ કામાંધ પુશ્કર બાળકોનો ઘાત કરી દમયંતીને સ્વાધીન લેવા તત્પર, અકસ્માત નળનું આવવું, નળનો પુશ્કર પ્રત્યે ક્રોધ પુશ્કરનો અત્યાચાર અને રાજ્ય છોડી વનમાં જવા નળને આજ્ઞા. ધર્મવીર નળરાય શોકાગ્રસ્ત, બ્રાહ્મણ વેષધારી કળીયુગ અને દ્વાપરનું આવવું, પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાના હેતુથી નળરાય અને દમયંતીને વનમાં જવા દેવા પુશ્કરને સમજાવવું. તે માટે પુશ્કરનો સ્વીકાર અને નળ દમયંતીને વસ્ત્રાલંકાર ઉતારી એક વસ્ત્રે વનમાં વિદાય થવા પુશ્કરનો હુકમ, બાળકોને રાજ્યપુરોહિત સુદેવ સાથે મોસાળ વિદાય કરી નળ દમયંતીએ વનમાં જવા વિદાય થવું.

**પ્રવેશ ૪ થો**—પાસેના શહેરમાંથી ચોરી કરી છટકેલા બે ચોરનું આવવું, ચોરીના માલની વહેંચણી કરતાં લડી પડવું એક ચોરનું ખુન, અને બીજાનું ચોરીનો માલ લઇ પસાર થવું, શૃંગારમાં લીન થએલા શાસ્ત્રીજી અને લલીતાનું આવવું, ચોરનું મડદુ જોઇ ગભરાવવું, મુડદાંને ઠપકો, બાદ ચોરને પકડવા નીકળેલા રાજદૂતોનું આવવું, મુડદાં પાસે ઉભેલા શાસ્ત્રીજી તથા લલિતાને જોઇ તેમને ચોર તથા ખુની સમજી પકડી લઇ જવા.

પ્રવેશ ૫ મો—જંગલમાં રખડતાં રઝળતાં નળ દમયંતીનું આ-વવું, જંગલનાં જળાશયનો આશ્રય લેઇ વિશ્રાંતિ મેળવવા વિચાર અન્નજળના અભાવે સાત દીવસથી પીડીત ક્ષુધાતુર નળનો જળાશ-યમાંથી મત્સ્ય (માછલાં) મેળવી ક્ષુધા શાંત કરવા નિશ્ચય, "અહિંસા પરમો ધર્મઃ" સમજાવી સતીએ પતિને કરેલો સદુપદેશ.

દમયંતી—"અરે ઓ નાથ પ્રાણીને વિનાકારણ નહી મારો"
"મહા આપત્તિકાલે પણ અહિંસા ધર્મને ધારો"
"નિહાળો જો પ્રભુ આપે દયા દૃષ્ટિથી પ્રાણીને"
"નહી પોતે પ્રભુ પામો પ્રભુની મહેરબાનીને"

નળ—"પ્રભુ મારો નથી જ્યાં ત્યાં પ્રભુની મહેરબાની ક્યાં"
"રવડતાં રાનરાને અન્ન ફળના હા પડે સાંસા"
"ક્ષુધાએ પ્રાણ જાતાં પ્રાણી હિંસા કાજ લલચાવું"
"જળ્યા આ પેટને ખાતર અનીતિ માર્ગને ચાલું"

દમયંતી—"ગમે તે દુઃખ આવે તોય ન સજ્જન ત્યાગતાં નીતિ"
"અમે તેવી મુશીબતમાં પ્રભુની ધારતા ભીતિ"
"જળ્યા આ પેટને માટે ન હિંસા પાપને ધારો"
"ચાહેતો લ્યો પ્રભુ આહાર માટે દેહ આ મારો"

નળ—"તલપતો હા ક્ષુધાથી પ્રાણ અભાગી પ્રાણ આ મારો"
"ભોજળ જીવ મેળવવાં અનુરાગી પ્રાણ આ મારો"

કળી પ્રભાવે ભ્રમિત નળ સતીના સદુપદેશ તરફ ધ્યાન નહીં આપતાં મત્સ્ય (મચ્છ) મેળવવા તળાવમાં જવું અને પાંચ સાત મત્સ્ય હાથ આવ્યાં તે લેઇ દમયંતીને સોંપી પુનઃ જળાશયમાં પડવું, દયાળુ દેવી દમયંતીના કોમળ હસ્તમાંથી મત્સ્યનું સરી પડવું, મત્સ્ય નહી મળતાં

નીરાશ થએલા નળની તળાવમાંથી નીકળી દમયંતી પાસે પ્રથમ મળેલા મત્સ્યની માગણી, " મત્સ્ય સરી પડયાં " એમ દમયંતીનો જવાબ સાંભળતાં દમયંતી પ્રત્યે નળનો ક્રોધ, સતીની પ્રતિજ્ઞા.

"અગર સ્વામીથી પેટ વહાલું ગણ્યું'
"અગર ભક્ષ જો મેં કીધું મત્સ્યનું"
"તો સોગન મને આપ શ્રીમાનના"
"છે સોગન મને સ્વામી શ્રી રામના"

ક્ષમાની યાચનાથી નળની શાંતિ, અને દમયંતી પ્રત્યે પ્રેમ, જંગલમાં વિચરતાં કળી તંત્રથી ઉડતા પક્ષીનું નજરે પડવું, પક્ષીને મારી શીકાર કરવા ક્ષુધાર્ત નળની ઇચ્છા, પહેરેલા વસ્ત્રનું આચ્છાદન કરી પક્ષીને પકડવા જતાં નળનું વસ્ત્ર લેઇ પક્ષીનું ઉડી જવું, સતીએ પતિને અર્ધ વસ્ત્ર આપવું, આફતપર આફત દુ:ખ ઉપર દુ:ખથી પવિત્ર દંપતિનો કરૂણાવિલાપ, થાક ભૂખથી ચક્કર ખાઇ ઉભયનું જમીનપર પટકાઇ પડવું, કળીયુગનો પ્રપંચતંત્ર નળે દમયંતીનો ત્યાગ કરી ચલ્યા જવું.

પ્રવેશ ૬ ઠો—નળ દમયંતી ઉપર પડેલા અસહ્ય સંકટોથી નારદ મુનીને થતો પ્રશ્ચાતાપ, અને પવિત્ર પાત પત્નિને દુ:ખમાં સહાય કરવા નિશ્ચય પોતાના પંજામાં સપડાએલી દમયંતીને સ્વાધીન લેવાના વિચારોમાં તલ્લીન બનેલો કળીયુગ, પોતાને દમયંતી મળવાથી સર્વમાં શ્રેષ્ઠ મનાવવાનું અભિમાન, નારદની ભેટ અને કળીયુગને સદ્દુપદેશ કળીયુગ તરફથી નારદનો તીરસ્કાર, હંસનું આગમન, કળીને ધીટકાર કળીનું ક્રોધાવેશમાં દમયંતી સ્વાધિન લેવા વિદાય થવું. ધર્મનીષ્ઠ સત્યનીષ્ઠ મહાત્મા નળ અને સતી દેવી દમયંતીનો પક્ષ કરી કળીને પરાસ્ત કરવા નારદ અને હંસનો નિશ્ચય.

પ્રવેશ ૭ મો—પતિ વિરહથી વ્યાકુળ બનેલી દમયંતી જંગલ બીયાબાન ભટકતી ઉન્માદ અવસ્થામાં પતિને શોધતી નજરે પડે છે. જંગલના હિંસક પ્રાણીઓના પાસમાં સપડાવવા છતાં અશુદ્ધિને લઈ નીર્ભયપણે વાઘ સિંહાદીક ક્રૂર પ્રાણીઓને પોતાના સ્વામીના સમાચાર પુછતી વીલાપ કરે છે, કરૂણા વીલાપમાં બે ભાન દમયંતીને અજગર ગળે છે, સહેજ ભાન થતાં અજગરથી મુક્ત થવા નળને પોકારે છે.

"નહિ સ્નેહને છેહ દેવા ઘટે છે.
અહો નળ અહો નળ વીદર્ભી રરે છે"

પારધી રૂપે કળીનું પ્રત્યક્ષ થવું. અને અજગરને મારી દમયંતીને બચાવી પોતાના ઉપકાર નીચે દબાવવી, નળ મેળવી આપવા કળીયુગ પાસે દમયંતીની પ્રાર્થના પ્રાર્થનાનો તીરસ્કાર અને દમયંતીના પ્રેમની માગણી દમયંતીનો કળી પ્રત્યે ક્રોધ, દમયંતી ઉપર કળીયુગનો બળાત્કાર, નારદ મુની તરફથી સતીના શીયળનું સંરક્ષણ.

પ્રવેશ ૮ મો—ગમાર કોટવાળની પોતાના સાથી કામદારો સાથે રકઝક તથા રાગરંગમાં ગુલતાન બાદ જંગલમાં પકડાએલા શાસ્ત્રી સુદર્શન અને લલીતાના ધણી કાનજી વીગેરેનું હાજર થવું, બેવકુફ કોટવાળની બેવકુફી ભરી તપાસ, પવન જે રસ્તે જાય તે રસ્તે જવું. સત્યનું અકસ્માત જાહેર થવું, વ્યભિચાર કર્મના ગુન્હા બદલ સુદર્શનના પિતા દેવશર્માની આજીજી ઉપરથી લલીતા તથા સુદર્શનને મારી અને કાનજીનો લલીતા સાથે કોટવાળના હાથે ફરીથી હસ્તમેળાપ.

પ્રવેશ ૯ મો—ચેદીપુરમાં સુબાહુ રાજાનો બગીચો, દીવાની અવસ્થામાં દમયંતીનું નીકળવું, ગામના છોકરાઓ દમયંતીને ગાંડી, ઘેલી સમજી તેને કાંકરા વિગેરે મારી હેરાન કરે છે. સુનંદાની નજર પડતાં છોકરાઓને હાંકી કહાડી દમયંતીને પોતાની પાસે બોલાવી

મંગાની હકીકત જાણવી, દમયંતીના દુઃખવર્ણનથી સુનંદાને ઉત્પન્ન થએલી દયા અને પોતાને ત્યાં દાસી તરીકે રાખવી, દમયંતીને પોતાનો હાર સોંપી સ્નાન માટે સુનંદાનું જવું, હાર ખીટીએ મુકી દમયંતીને થએલી આજ્ઞા પ્રમાણે ઝાડુ પાણી કચરો કાઢવો, ખીટી ઉપર મુકેલા હારનું કળી પ્રભાવે ગુમ થવું, સુનંદાએ આવી હાર માગતાં હાર ન મળવાથી દમયંતી ઉપર ચોરીનું કલંક અને રાજસેવક સાથે સુબાહુના દરબારમાં ન્યાય માટે દમયંતીને રજુ કરવા લઈ જવી.

**પ્રવેશ ૧૦ મો**—સુબાહુનો દરબાર, નળ દમયંતીને શોધવા નીકળેલા રાજપુરોહિત સુદેવનું આવવું, જુગારમાં સર્વસ્વ હારી નળ દમયંતી એક વસ્ત્રે વનમાં વિદાય થયાં તેની શોધ માટે આવવું થયું છે તેવું જાહેર કરવું, સુબાહુએ નળ દમયંતીની શોધ માટે યોગ્ય તજવીજ કરવા કહી સુદેવને સાન્તવન આપવું, બાદ ન્યાય માટે દમયંતી સાથે સુનંદાનું આવવું, અને ચોરીની હકીકત જાહેર કરવી, ન્યાયમાં દમયંતીને શીર ચોરીનું તહોમત સાબીત થવું અને સુબાહુ તરફની દમયંતીને મોતની શીક્ષા, આફત ઉપર આફત ભોગવતી દમયંતીની હંસને કરૂણાયુક્ત પ્રાર્થના, અંતરીક્ષથી હારની વૃષ્ટિ, વિનાકારણ આપત્તિ ઉપર આપત્તિ આવી પડવાથી પતિ પરાયણ ધર્મદેવી દમયંતીનો પોતાને પીડા કરનાર પાપીને કકળતા હૃદયથી શ્રાપ સ્થંભનું ફાટવું, શ્રાપાગ્નિથી બળતા કળીનો પોકાર, અંતરીક્ષમાં હંસ.

ટેબ્લો.

ડ્રોપ.

## અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—નળ જુગારમાં સર્વસ્વ હારી વનમાં જતાં અયોધ્યાના રાજા ઋતુપર્ણની અશ્વશાળામાં નોકર રહેલા નળરાજાના સારથી વાર્ષ્ણેયનો પશ્ચાતાપ, સપ્તઋષીની અવજ્ઞાથી શાપીત થએલા કર્કોટક નાગને બળતા દાવાનળમાંથી બચાવતાં થએલા સર્પડંસથી બાહુક બનેલો નળ, ઋતુપર્ણના અશ્વપાળ તરીકે નોકર રહી રાજસેવક સાથે બાહુક રૂપે નળનું આવવું, સાંપ્રત સ્થિતિ ભોગવતા નળના પ્રારબ્ધ પરત્વે જ્ઞાનયુક્ત વિચાર, વિદર્ભ દેશથી દમયંતીએ નળરાયની શોધ માટે મોકલેલા રાજપુરોહીત સુદેવની માર્મિક શબ્દોમાં ટહેલ, ટહેલ રૂપે સંદેશા, નળ તથા સુદેવનો પરસ્પર વાર્તાલાપ, નળ તરફથી ટહેલના સંદેશાનો ઉત્તર મળતાં બાહુકરૂપે નળ હોવાની સુદેવની શંકા, યુક્તિ પૂર્વક નળને વિદર્ભ દેશ લઇ જવા સુદેવનું ઋતુપર્ણના દરબારમાં જવા વિદાય થવું.

પ્રવેશ ૨ જો—ઋતુપર્ણનો દરબાર સુદેવનું રાજસભામાં આવવું અને નળ જુગામાં સર્વસ્વ હારી વનમાં જતાં દમતીનો ત્યાગ કરવાથી દમયંતી ફરીથી સ્વયંવર કરી આપ શ્રીમાન્ સર્વજ્ઞીને વરવા ચ્છિરે છે વિગેરે કહી ભીમકરાયના નામથી કૃત્રીમ કંકોતરી રજુ કરી આવતાં કાલે પ્રાતઃકાળમાં લગ્નમુહુર્ત હોવાનું નિવેદન કરવું. ઋતુપર્ણની દમયંતીમાં આસક્તિ અને તત્કાલીક વિદર્ભ દેશ જવાનો પ્રબન્ધ કરવા પ્રધાનને આજ્ઞા, ચારસો યોજન દૂર પ્રદેશ પહોંચવા રથવાહક તરીકે બાહુકની યોજના કરવા પ્રધાનની દરખાસ્ત, બાહુક ( નળ ) અને વાર્ષ્ણેયનું આવવું; રાજ્યઆજ્ઞા સાંભળતાં નળનો દમયંતી પ્રત્યે તીરસ્કાર અને રથ લઇ કુડીનપુર જવા કબુલ થવું.

પ્રવેશ ૩ જો—પરમહંસ મહાત્મા નારદ અને હંસ, નળ દમયંતી ઉપર પડેલી આપત્તિઓ સંબધી પરસ્પરમાં વાતચીત અને તે પવિત્ર

ધાર્મીક જોડીને સહાય કરી દુ:ખમાંથી મુક્ત કરવા વિચાર, દમયંતી ફરીથી સ્વયંવર કરી લગ્ન કરવા ધારે છે તે સાંભળી સ્વયંવરમાં જવા નીકળેલા અને કળી પ્રભાવે ભ્રમીત થએલા નળબંધુ પુષ્કરનું આવવું, દમયંતીને વરવા તેનો નિશ્ચય હંસ નારદનું પ્રત્યક્ષ થવું, પુષ્કર પ્રત્યે નારદનો સદ્ઉપદેશ, સત્સંગથી માયાની આવરણ દૂર થતાં પુષ્કરને પોતાની પુર્વસ્થિતિનું ભાન અને પોતે પોતાની કુટુંબ પ્રત્યે કરેલો અનાચારનો પશ્ચાત્તાપ, અચાનક કળીનો પ્રવેશ અને પુષ્કરની ભેટ, નારદના ઉપદેશથી કળીને તેના યથાર્થ રૂપમાં ઓળખતા કળીયુગ પ્રત્યે પુષ્કરનો ક્રોધ, નારદ મુનીએ આપેલા બ્રહ્મદંડની સહાયથી કળીયુગને બાંધીને નળ દમયંતી પાસે રજુ કરવા સર્વનું વીદાય થવું.

**પ્રવેશ ૪ થો**—નળ વિરહી દમયતી, નળની શોધ માટે નીકળેલા સુદેવની રાહ જોતી સુદેવનું આવવું, શોધ મળ્યા બદલ સંક્ષેપમાં સમાચાર, રૂતુપર્ણ સાથે બાહુકનો પ્રવેશ, બાહુકના કદરૂપ આકારથી સંશયિત દમયંતી તરફથી દાસી મારફત બાહુકની પરિક્ષા કાંઇક નિશ્ચય થતાં સંપૂર્ણ ખાત્રી માટે નળ દમયંતી વચ્ચે પોતાની પુર્વ સ્થિતીનો પ્રશ્નોતર નળનું પુર્વ સ્વરૂપમાં પ્રસિદ્ધ થવું, પુશ્કર સાથે બન્ધન સ્થિનીમાં કળીયુગે તેના કર્મ બદલ શીક્ષા કરવા પુશ્કરની દરખાસ્ત, કળીયુગની ક્ષમા માટે યાચના અને સદાચારી ધર્માત્મા મનુષ્યો પ્રત્યે સદવર્તન રાખવા પ્રતિજ્ઞા કરી શરણે થવું, શરણાગતને અભયદાન પુષ્કરનો વૈરાગ્ય અને નળને રાજ્યાભિષેક અને આનંદ.

**શાન્તિ. શાન્તિ. શાન્તિ.**

અમદાવાદ<br>
શાન્તિભોવનથીએટર.<br>
તા. ૧૮–૨–૨૧

ઝવેરી ચંદુલાલ દલસુખરામ;<br>
માલિક.<br>
શ્રી દે. ના. સમાજ.

॥ श्री ॥

# સતી દમયંતી

## નાટકના ગાયનો.

---

### અંક ૧ લો.

#### મંગળાચરણ.

સૂત્રધાર— શ્રી વરદાતા શિશુગણ ત્રાતા
વિશ્વ વિધાતા પાલક માતા
મીત્ર વરૂણ અગ્નિ ઇંદ્ર
સોમ સૂર્ય યમ ઉપેંદ્ર
સહસ્ર નામ એક આપ
શુદ્ધ બ્રહ્મ વેદ ગાત
મન વચનથી પાર સ્વામી
બુદ્ધી પણ નવ પાર પામી
અજ અગોચર સર્વ ગામી
પરમ શિવ શંકર નમામિ—શ્રી વીર.

નટી—ધન્ય ધન્ય તેહ સુકૃતિ જનને જેનાં શ્રેષ્ઠ ચરિત્ર
જગતને વંદન યોગ્ય પવિત્ર
પરમ પ્રેમની મૂર્તિ જે દંપતી દેવ સ્વરૂપ
નળ દમયંતી દેવ સ્વરૂપ

કળીયુગ પાપીના પ્રપંચે સહ્યાં શરીરે દુઃખ
તજી રાજ્યને વનવન રવડ્યાં ધરી વેષ કદરૂપ
પૂજ્ય શ્લોક નળરાય તે બન્યો મૂર્ખ બાહુક
અરેરે બન્યો મૂર્ખ બાહુક
સતી પણ બની વેષ અદ્ભુત—

હંસો— ગાયન ૧ લું

સરસ સરસ જળભર આ નૃપ ઉપવનમાંરે
સાગર સ્વરૂપ પલટી આ સ્થળ જળરૂપ રહેશું !
ચૌદ રત્ન ભંડાર તેના દેવો લઈ જાય કે શું !
હંસી—હંસ વિહંગમ આપણુ સર્વે મુક્તા નહિં કેમ લેશું
કમળ પુષ્પ કોમળ શૈયામાં—હાં હાં હાં
હંસ—રમણી સંગે રંગે રહેશું રે
હંસી—આનંદ પરસ્પર લેશું રે
પ્રિય સંગમાંરે હાં હાં રે રસ રંગમાંરે—

હંસરાજ— ગાયન ૨ જું

બાલકૃષ્ણ અધરોપર લાલી કુંડીન નૃપ બાલી
મેં ઉપવનમાં ન્યાલી
કમલ કોમળ ચરણ પલ્લવ ચાલે હંસી વયે બાલી
અધિક રૂપાળી પુષ્પીત ડાલી નવીન યુવાવાલી—મેં
જેના વદનથી કળા ચંદ્રની પણ હારી છે
જેના સુહાસ્યે ગગન ચંદ્રિકા બીચારી છે

સુવાસીત શ્વાસમાં વસંતની બાગ્યારી છે
વાણી કોકીલ મુણી વાણીએ કુમારી છે
ગુરૂ સ્તન મંડળે ગુરૂએ લઘુતા ધારી છે
સ્વરૂપ સૌંદર્યમાં શ્રી પાર્વતી તપ ધારી છે

નળ તથા હંસ— ગાયન ૩ જું

નળ—રતિવતી મજગતિ પ્રિય રતિ પાસે
ત્વરિત સિધાવ જઈ સમજાવ સીદ્ધ કરી
આવ હે તું પ્યારા
વનચર દ્વિજવર મમ પ્રિય કરતું
સફળ જીવનનું પ્રિય પ્રિય કરવું

હંસ—ધારો ધીરજ ધર્મ નૃપ વર
ફળ ધીરજનાં મીષ્ટ ફળશે
મણી કુંદનનો યોગ મળશે
નૃપવર આ પ્રિય કરમાં કર ધરશો ધર્મદારા

નારદ— ગાયન ૪ થું

ભજ ગોવીંદં ભજ ગોપાલં ગોપાલં ભજ મુઢ મતે
દિન પછી રજની સાંજ સવારે શીશીરવસંત જતાં ક્રમમાંએ
કાળ રમાડે જીવ એંઢાને તો પણ મેં મેં કરતું પોકારે—
બાળપણું અમ્સતમાં ગાળ્યું યૌવન સુબતી સાથ ગુમાવ્યું
ઘડપણ મન ચિંતાથી મુંઝાયું હરિકીર્તન કદી મુખપર નાવ્યું—
કોણ હું ને તું ક્યાંથી આવ્યા માતપિતા સ્નેહી કુણ કહાવ્યા
સૌ જગ જંજાળ વૃથારે સ્વપ્ન સમાન જગત સહુ આરે—

કળીયુગ— ગાયન ૫ મું

દમયંતી દમયંતી દીલને અપાર
રમણીય રમણી હું નક્કી વરનાર
છળ બળ કે કળથી સ્વાધીનમાં લાવું હું
ત્યારે દીલે શાંત થાઉં થાઉં
હું ભયંકર હું દીગબર રૂદ્રસ્વરૂપ
સંહારૂ સૃષ્ટિને હું વક્ર દ્રષ્ટિએ
દમયંતી હું તજી અન્યને અહ્રાય—
રન વનમાં રવડાવું રીબાવું અંતે
શ્રેષ્ઠ હું સામાં મનાવું જાઉં—

લલીતા— ગાયન ૬ ઠું

લાડકડી છું લાડકડી મારા લહેરી લાલાની હું લાડકડી
પાયે નેપુરને ખણુકે વીંછવા કાને હીરાની હેમ કડી—
કેવો રૂડો હાર મન હરનાર લાગુ જાણે રતિ તણો અવતાર
કોણ કહે છે છું બાલકડી—

લલીતા સુદર્શન— ગાયન ૭ મું

લલીતા—અળગા રહો અળગા રહો લટકાળા લાલરે
તારા નયણાંનાં તીર લાગ્યાંરે આરપાર
સુદર્શન—રંગીલી રસીલી નખરાળી નારરે—તારાં
લલીતા—વાહ છોગાળા છેલ
ખેલો છોગાળા ખેલ
મારા હૈયાના હારરે—તારાં

વાહ વાહ વાહ વાહ વાહ્લી વિનોદ વાહ
સુદર્શન–વાહ વાહ વાહ વાહ નારી નાજુક વાહ
લલીતા–વાહ છોગાળા છેલ
એલો ખાતેથી એલ
મારા ભોગી ભરથારરે— તારાં

દમયંતી તથા સખીઓ—ગાયન ૮ મું

હાંહાંરે આલી મારી વિમળ રૂતુ વસંત આવી
સુમન સુરભી સુસ્વર ભ્રમર ગાન
માનુની માન મુકી ગુમાન તરત દે તજાવી—

સાખી

વસંત લક્ષ્મી સમ મુકે કીશુક પુષ્પ વીકાસ
મુગ્ધા સુંદરી હૃદય શું પ્રિય કર ચિન્હ પ્રકાશ
વલ્લભા વચન સમી રસાળી તરૂ ડાલી કીલકારીએ કોકીલ
કહેતી એજે વહ્યુ જાયે યૌવન આ શાને ધરે માન ખાલી

સાખી

મુગ્ધા પદ્મિની કળી તણું અલિ તજાવે માન
રતિ મંત્ર ગુંજારવે કરે પ્રફુલિત શ્યામ
એવા અલિરાજ મદનરાજ શ્રી રસરાજબિના કળી આ બીચારી
શ્વાસ નિશ્વાસ નિત્ય હૈયે ભરે છે
હૃદય વિકાસ કોની પાસ કરે એ

દમયંતી— ગાયન ૯ મું

અહો હંસ સુમીત્ર સંદેશ જરા પિયુ પ્રાણુની પાસ પહોંચાડ જઇ
નહી ખાન પાન સખી સંગ ગમે ન હિંડોળ ન ઢોળ પલંગ ગમે
નહી રાગ ન રંગ સુગંધ ગમે દિન રેન અખંડ વિયોગ દમે
રસ ચંદન ચંપ કદંબ થકી શશી અમૃતથી નથી શાંતિ રતિ
રહયો અંગ વિયોગ ભુજંગ ડસી બાળા મોહન મોહને મંત્રે ફસી

હંસ—ધર ધીર રાખી સખી ન નિરાશ બની
અતિ અંતર શ્વાસ ઉંડા ભરતું
તુજ સંશય સંકટ સર્વ હરૂં
તુજ કારણુ કષ્ટ શરીર ધરૂં
તુજ આશ ન લેશ નિરાશ કરૂં
તુજ કાર્ય અવશ્ય હું સિદ્ધ કરૂં

ગાયન ૧૦ મું

કાનજી—હાય હાય કેવી ભયાનક બાયડી
સુદર્શન—પુરી ફજેતી હાય—ટેક
લલીતા—હાય હાય મારી નાખી મારી માવડી
કાનજી—ચુપ રાંડ ચુપ
લલીતા—મને માફ કરો
કાનજી—જોઈ લ્યો આ કેવી ભયંકર બાયડી
સુદર્શન—માર્યો ઇશકનો પુરો પીટાઇશું માર્યો ઇશકનો
જીજીજી ઇશકજી—
માર ખાઈ ટાલ પડી આવડી "જુઓ જરા"

લલીતા—શાને ધરોછો બીક આવડી "ચાલો વહાલા"
સુદર્શન—હાય હાય કેવી ભયંકર બાયડી
"હત તોજે જાટ વલે, મેદાનજે મીયાં મલે
ખુરદમજે માર પડે ધબોધબ હોક
રાંડ જતી જરહી હલ હાંખે હલ"
રાંડ કેવી ભયાનક બાયડી

દમયંતી— ગાયન ૧૧ મું

આલી ચેન નહીં દિન રેન મને આતે આમ થતું હોશે કેમ
સુમન શયનમાં શયન ન ભાવે ચંદ્ર અગન વરસાવે
બાળે મલય પવન કૃષ તનને રાજહંસ મળે કેમ મને

હંસ— ગાયન ૧૨ મું

અખંડ ઇશ્વર રાખજો સરિતા સિંધુ સુયોગ
લલિતરાજ લક્ષ્મી સહિત કરો સકળ સુખ ભોગ
હસ્ત ધારો સ્વિકારોજી રાજહંસ જાણી,
અંતરગત મિત્ર આપ આ સતી
બાળા અંતરગત મિત્ર માન શ્રીપતિ
શાંત સુભગે પ્રિય થઇ તું નળરાજની
અહો કુમુદા પ્રિય થઇ તું દ્વીજરાજની—
દમયંતી—હંસરાજ રાજહંસની કૃપા થકી
હંસ—ચંદ્રવંશી રાજરમણી તું થઇ નકી

દમયંતી—માનુ કૃપા કૃપાળુ હંસરાજની
કયાં આપશ્રીવર રાજહંસ, કયાં આ નૃપ ચંદ્રવંશ
નળ—વિધિના લીખીત અંક
હંસ—હાં હાં હાં
નળ—દમયંતી રતિ ગુણશાળા
હંસ—વરશો ધારી વરમાળા મંડપમાં રાજ રૂપાળા
સખીઓ } આહા એ દિન દીવાળી વાણી હોય મંગળકારી
હંસ. } પુરો પ્રભુ આશ તમારી

નારદ— ગાયન ૧૩ મું

નીરખો નયનોમાં મારો નાથ રમે,
નાથ રમે મારો પ્રભુ તો રમે—
ભવો ભવની સાધુ ભાવટ ભાગે
ઘટમાં રમેયો મારો પૂરણ રમે
જગ જગમાં સાધુ સઘળેજ જામ્યો,
અવઘટમાં પણ આપો આપ સમે—

નારદ— ગાયન ૧૪ મું.

આહાહા આ પણ નવીન રંગ
આવી મળ્યો આજ ઠીક પ્રસંગ
પ્રપંચ કુશળ દેવ બન્યા નળ ને કળી સુંદર રૂપ રંગ
વરવાને વિચારી ભીમક કુમારી અહા રચ્યો આતે શું પ્રપ

પ્રપંચની જાળ તોડશે તત્કાળ આ મુની બાળ
સ્વયંવર મંડપે જોવું કેવા બને છે હાલ હવાલ

દમયંતી તથા સખીઓ— ગાયન ૧૫ મું

આવો સૌભાગ્યશાળી કુમકુમના પગલે ચાલી મંડપે આવોને
પલભર લજ્જા વિસારી વરમાળા કરમાં ધારી
દેવી શ્રી સરસ્વતી હસ્ત સાહોને—
ભૂતળના ભૂપતિઓની સાંભળી કીર્તિને
ગુણીઅલ ગુણના રાગી દેવી શ્રી થાઓને
શ્રી વરદા દેવી તણું વરદાન પામીને
ઇચ્છિત નરવરના કંઠે માળ ધરાવોને



## અંક બીજો.

પુષ્કર તથા સાધુઓ— ગાયન ૧૬ મું.

અલખ નિયંતા ઘટ ઘટમાં ખેલતાં તારી અકળ કળા
છે અનંતરે
અગમ મહિમા કાંઇ ગમ ના પડે પ્રભુ આપ છો દેવ
મહંતરે
શુન્ય મંડળમાં વાસ તમારો પ્રભુ જ્યાં જળહુળજ્યોતિ
પવનરે
સૂરજ ચંદ્રકળા ત્યાં નહિ પહોંચે સત્‌ચિદ્ શ્રી
ભગવંતરે
વિશ્વવ્યાપક રહો વિશ્વથી ન્યારા તમને જાણે
કોઈ વીરલા સંતરે
આપ ઇચ્છાથી આ સૌ વિશ્વ રચાયું છે આપ વિષે
તેનો અંતરે

अच्युतं शाश्वतम् निष्प्रपंचात्मकम् ।
निर्गुणम् निष्क्रियम् निर्मलम् व्यापकम् ॥
निर्विकल्पम् निराकार रूपम् विभुम् ।
नित्य मुक्तम् सदा शुद्ध देवम् भजे ॥

અપ્સરાઓ— ગાયન ૧૭ મું.

જાગો યોગી મહારાજ અમારા શીરના શીરતાજ
રમણી સહવાસ વીના (આ) રામ મળે ન કદી

રાજ ભોગવિના યોગે ન શ્રેય કદી
જંગલના વલ્કલ દુર ત્યાગી
લ્યો રાજલક્ષ્મી માગી
અમો આવી છું મહા ભાગીરે
તમ પાસે યોગીરાજ

દમયંતી— ગાયન ૧૮ મું.

મોહન સુંદર પ્રાણજીવન મારા મુકુટમણી
... ... ... ... પ્યારા નયનમણી
... ... ... ... મારા હૃદયમણી
મૂર્તી મોહન હાં લાગે પ્યારી મને
પ્યારી પ્યારી મને જોઉ ધારી મને
અંગ અંગ ખીલે મારાં સ્નેહ રસ
સ્વામી સ્નેહ રસે મન મારૂં હરો–

દમયંતી— ગાયન ૧૯ મું.

પ્રભુ અમ રંકપર આવી અકૃપા કેમ કરી
શાણા શ્રીમાનની મતિ વિકલ હા કેમ કરી
કહે છે શાસ્ત્ર કે ભવિષ્ય હોય અનિષ્ટ જેનું
પ્રથમ તેની સુમતી નીતિ પ્રભુ લેછે હરી
સ્વામી નળરાય કયાં ને કયાં આ નીતિભ્રષ્ટ જુગાર
જતી વિનાશકાળે સજ્જનોની બુદ્ધિ ફરી–

## ગાયન ૨૦ મું.

દમયંતી, ઇંદ્રસેન તથા ઇંદ્રસેના—

દમયંતી—જાઓ સિધાવો બાળ અમારા અંતરનાં આરામ
મળીશું ફરીને મેળવશે જો ભક્તવત્સલ ભગવાન—
બાળક—અભાગી અમ પામરપર આવ્યો દુષ્કર યોગ
બાળ અમે લાયક ન સહીયે માતા તાત વિયોગ રે—
દમયંતી—નીરવિનાની સરિતા સુની વચ્છવિના સુની ગાય
પાંખવિના સુની પંખીણી જેવી બાળવિના સુની માયરે—
સુદેવ—સારાં નરસાં યશ અપયશનાં વડીલ કરે જે કામ
ભોગવવાં પડે સર્વ સ્વજનને તેનાં જે પરિણામ રે—

## ગાયન ૨૧ મું

લલીતા—હું વારી મનરે મારા
સુદર્શન—શા બોલ મધુરા તારા
લલીતા—વાહ છેલ છબીલા પ્યારા
હું વારી તારાપર પ્રિય પ્યારા
સુદર્શન—ઓ લલના મારી દીલભર પ્યારી
હું તારાપર વારી શી સુંદર સુરત તારી
છું સેવક તારો હું પ્રાણ પ્યારી
લલીતા—હો રંગીલા છેલ ફાંકડા નખરાં કરતા શાને
સુદર્શન—હાથેવાળો કોણે કર્યો છે હીસાબ પીળે પાને

લલીતા—મતવાળા લ્હેરીલાલ છેલ મારા પ્રાણ પ્યારા
છો ઠગારા—

દમયંતી— ગાયન ૨૨ મું.

પ્રારબ્ધ આમ જન ભવમાં ભમાવે
અદ્‌ભૂત ચિત્ર જગમાં બતાવે
કાલે હતા નળ મહીપ ચક્રવર્તી
આજે ન વસવા તસુ એક ધરતી
રહેતી ન કોની કદી એક સરખી
વેળાની છાંય સહુને શીર ફરતી

નારદ— ગાયન ૨૩ મું.

રટ નાથ નિરંજન નામ અહો મન ઘેલા
કળીયુગ વા કૃતયુગમાં ભકિતવિના મુક્તિના—
ભક્તિ એજ નરતન સાર.
નહીં તપ તીરથ જપ યોગ સાધના કળીયુગમાં
કંઈ બનશે
કેવળ પ્રભુને શરણ જવામાં સઘળાં કાર્ય સુધરશે
પુરૂષાર્થ ચારે ફળશેરે—ભવ જન્મમરણ દુઃખ ટળશે
જીવ શિવ પદમાં જઇ મળશેરે
ભક્તિ એજ નરતન સાર—

નારદ તથા હંસ— ગાયન ૨૪ મું

વિપરીત જગ વ્યવહાર અને જ્યાં કળી હળાહળ વ્યાપે
દુષ્ટ દાંભિકો સદા સુખી રહે સજ્જન દુઃખી સંતાપે
સંસાર ડુબે સૌ પાપે—
સ્ત્રીવશ પુરૂષ પાપરત કામી વૃદ્ધ વડીલ સંતાપે
શ્યામાને સોનેથી મઢે માબાપને અન્ન ન આપે
પુણ્યવંત નર રહે રવડતા પાપી વૈભવ સ્થાપે
વેશ્યા પહેરે પાટ પીતાંબર સતી વસ્ત્રવિણ કાંપે
પૃથ્વી રસકસહીન થઈ નહીં મેઘ વૃષ્ટિ શુભ આપે
પશુ પ્રાણી અન્ન જળ વિણ મરતાં કળી કસાઈ હાથે

દમયંતી— ગાયન ૨૫ મું

બાળા ક્યાંએ પ્રિતમ મારા
તુજ સમ જેના ચંચળ નયનો
દૃષ્ટિ શિતલ શશી અમૃત ધારા
વદન સુધાકર દરશવિના હા
પાંપ્રનો પ્રજળે વિરહ રવિ જ્વાળા
શોધી કહે જઈ શ્યામ સુંદરને
અંત સમે ચહું દર્શ તમારા

નાયકા— ગાયન ૨૬ મું

સાંવરીયા સુહિણા જાની યારરે
સુહિબ મીઠા મનરો મોહિયે રે

તો તાં માં મારી વારી જાની સદકે બલહાર જાની
પિઆર મહોબત જો પ્યાલો તાર, આ....
દમદમમાં સારીયાં મીઠા પાયે જાતી નિઆરિયાં
મુડે ઢાલણુ ખણી નિઆર રે (૪) આ...
અચરે દિલભર લાસાની તો તાંહી સિર કુરબાની
દયારજે પિઆસી નખે દિદાર આ....
હંજડસુથી હારીયાં ગોરારે ગીલનતું ગારીયાં
છાલાએ સીંકઇ મન ઠારરે (૪) આ....

દમયંતી— ગાયન ૨૭ મું


ગયા શું મેલીરે મને ગયા શું મેલી
મારા દેવ દયાળુ મને ગયા શું મેલી
મેં તો જાણ્યુંતું વહાલા જનમ સંગાથી
રણ વગડે શું મને રડતી મેલી
વસ્ત્ર ચીરીને વહાલા વેર શું વાળ્યુંરે
અર્ધ ઉઘાડી કરી કાયા વેલી
કેશ છુટા શીર અંગ ઉજરડારે
આંખો અખંડ આંસુ ધારા રેલી
ભાન ને સાન ભુલી ભુલી ભમુછું
લોકો કહે છે મને ગાંડી ઘેલી

દમયંતી— ગાયન ૨૮ મું

હું કોણુ તે ન સમજું સમજું છતાં અણુસમજુ
કોને જણાવું દીલનું દુઃખ દર્દ દાહ તે શું

વાડી વસંત મારી ખીલેલી સૌ ફના થઇ
સમશાનમાં ફરૂં છું બાકી કશું ન સમજું
રડતાં સુઝી છે આંખો ગઈ છે કપાઇ પાંખો
લાચાર પંખીણી છું બાકી કશું ન સમજું
સલગીને જ્વાળામુખી પર્વત શીતલ થશે તો
અંતર સળગતી જ્વાળા ભેટી ગગન જશે તો
હું મસ્ત યોગીની છું અથવા વિયોગીની છું
તુંહી મંત્ર જપું છું બાકી બીજું ન સમજું

!!! ચુપ. !!!



## અંક ત્રીજો.

ગાયન ૨૯ મું

### दोहा.

राम नामको कल्पतरु कलि कल्याण निवास
जो सुमिरत भयो भांगते तुलसी तुलसीदास.

### चोपाई.

चहुँ जुग ती[illegible]ल [illegible]हुँ लोका, भये नाम जपी जीव विसोका
वेद पुराण संत [illegible]त एहु, सकल सुकृत फलराम सनेहु
ध्यान प्रथमयुग म[illegible]री दुजे, दवापर परितोषन प्रभु पूजे
कलि केवल मल[illegible]ीना, पाप पयोनिधि जन मन मीना
नाम कामतरु [illegible]ला, सुमिरत शमन सकल जग जाला
राम नाम कलि [illegible]दाता, हितु परलोक लोकपितु माता

### दोहा.

राम नाम [illegible]रो कनक कासपु कलिकाल
जापक [illegible]जिभी पालडी दली सुरसाल

વારાંગનાઓ— [illegible]યન ૩૦ મું

તાના નાદીર [illegible] તુમ દરતાના દીમ દીમ
તદીયનરે ત[illegible]દીર તાના તુમ દરતાના
દીમતા દીમ[illegible] તનનનનન તાના નાદીર
રાજ કરો આ[illegible] અવનીપર આપ સ્વધર્મે સ્વામી
યાવત ચંદ્ર દી[illegible]ર સ્થીર રહો આપ સુયશ બહુ નામી

દમયંતી— ગાયન ૩૧ મું

કરૂણાં કરી કીરતાર અરજ આ લેજો સ્વીકારી
ભવ સિંધુમાં રહે નવ નિર્ભય નાથ વિના આ નાવ
તરંગ તુફાને રહે ડગમગતું સ્વામી સુકાની વિના
અંતર વિરહ વડવાનલ સલગે કયમ કરી પાર જવાય
મંગલમય તુજ મંગલ સ્તવને મંગલ સર્વ થાય

ગાયન ૩૨ મું

સુમીત્ર હંસરાજના વચન ને સાંભળી
વિશ્વાસુ રાજ બાલીકા સ્વયંવરે વરી
તજી વરૂણ અગ્નિ ઇંદ્ર શ્રેષ્ઠ સુરપતિ
શ્રીમંત નૃપ કુમારને ગણ્યા સ્વયંપતિ
સોંપી સર્વ પ્રાણ પ્રાણનાથને
આશ્રયે રહી વિચારી શ્રેષ્ઠ સાથને
રમાડી પક્ષણી ઘણી બતાવી પ્રેમને
દબાવી કંઠથી કહો શું કહેવું તેમને
ફસાવી હરીણીને વગાડી પ્રેમની વીણા
જે ન જાણતી કશુ પતિ પ્રભુવિના
ગણી નિર્દોષ ને સદોષ માન ભક્ષણે
કરી સનાથ ને અનાથ ત્યાગીને વને
વિશ્વાસઘાતથી સુતેલી સુંદરી તજી
અર્ધ વસ્ત્ર કાપતાં દયા ન દીલ સજી

અંતર વિરહ વડવાનલ સલગે ક્યમ કરી પાર જવાય
મંગલ મય તુજ મંગલ સ્તવને મંગલ સર્વ થાય

ગાયન ૩૮ મું

સુમીત્ર હંસરાજના વચન ને સાંભલી
વિશ્વાસુ રાજ બાલીકા સ્વયંવરે વરી
તજી વરૂણ અગ્નિ ઇંદ્ર શ્રેષ્ઠ સુરપતિ
શ્રીમંત નૃપ કુમારને ગણ્યા સ્વયંપતિ
સોંપી સર્વ દેહ પ્રાણ પ્રાણ નાથને
આશ્રયે રહી વિચારી શ્રેષ્ઠ સાથને
રમાડી પંખીણી ઘણી બતાવી પ્રેમને
ડબાવી કંઠથી કહો શું કહેવું તેમને
ફસાવી હરીણીને વગાડી પ્રેમની વીણા
જે નજાણતી કશુ પતિ પ્રભુ વિના
ગણી નિર્દોષ ને સદોષ મીન ભક્ષણે
કરી સનાથ ને અનાથ ત્યાગીને વને
વિશ્વાસ ઘાતથી સુતેલી સુંદરી તજી
અર્ધ વસ્ત્ર કાપતાં દયા ન દીલ સજી
હા નાથ નાથ નાથ કહી વને વને ફરી
ન કાળજી લગાર પ્રાણ પીંડની ફરી

ગાયન ૩૯ મું.

પડી અજગરને મુખ બાળા તોએ જપતી પતિ જપમાલા
પારધીએ કુદષ્ટિ કોધી ત્યાંય પ્રભુએ બચાવી લીધી
થઇ ડાકણી શાકણી ઘેલાં પતિએ જેને વનમાં મેલી
પરાધીન થઈ ઉંદર સરીખું દાસી રૂપે નીચ કામ કરીસું
ત્યાંય હારની ચોરી આવી સજા સહેતાં પ્રભુએ બચાવી
રહે હાલ પિતા ગ્રહે બાળા જપતી સ્વામીનાથની માલા
કરે એક વેળા ફળ આહાર વૃત કરતી મેળવવા ભરથાર
બાહુક એનો ઉત્તર દીજે એવા પરમ પુરૂષ ને શું કીજે.



શ્રી દેશી નાટક સમાજ-ગ્રાન્ય, **જાહેર ખબર** ઠે. શાન્તીભુવન થીએટરમાં,—અમદાવાદ.

નીચે લખેલાં પુસ્તકો શ્રી દેશી નાટક સમાજનો મુકામ જ્યાં હોય ત્યાંથી અથવા અમદાવાદ તળપદમાં પ્રસિદ્ધ કર્તા પાસેથી મળશે. માટે જેઓ સાહેબને જોઇતાં હોય તેઓએ રોકડી કીંમતથી મંગાવી લેવાં, વેલ્યુપેબલ તથા નોટપેડ કાગળ રાખવામાં આવશે નહિ. નીચેના દરેક પુસ્તકો ચાર આનાની કીંમતે મળશે.

| | | |
|---|---|---|
| ૧ સતી સંયુક્તા | ૨૦ સતી દ્રૌપદી | ૩૮ અભયસીંહ |
| ૨ સંગીત લીલાવતી | ૨૧ કબીરસાબ | ૩૯ કર્મફળ |
| ૩ પવિત્ર લીલાવતી | ૨૨ શ્રી સન્યાસી | ૪૦ નરસીંહ મેહતા |
| ૪ સતી પાર્વતી | ૨૩ જાલીમ ટુલીઆ | ૪૧ સગાળશા |
| ૫ અશ્રુમતી | ૨૪ મદન મંજરી | ૪૨ કૃષ્ણ સુદામા |
| ૬ રામ વિયોગ | ૨૫ સતી પદ્મિની | ૪૩ મહાકવિ કાળીદાસ |
| ૭ મ્યુનીસીપાલ ઈ. | ૨૬ અજીતસિંહ | ૪૪ રાજરતન |
| ૮ ભોજકુમાર | ૨૭ ભગવદ ગીતા | ૪૫ પ્રલ્હાદ વિજય |
| ૯ સરદારબા | ૨૮ કુલિન નાયકા | ૪૬ કૌરવ પાંડવ ભ |
| ૧૦ ઉમાદેવડી | ૨૯ સતી દમયંતી | ૪૭ જાળંધર સતી |
| ૧૧ વીણાવેલી | ૩૦ કેશર કીશોર | ૪૮ કૌરવ પાંડવ ૧ |
| ૧૨ વિજયા વિજય | ૩૧ સુભદ્રા હરણ | ૪૯ લલીતપ્રિયા |
| ૧૩ મદન મંજરી | ૩૨ ઉર્વશી | ૫૦ સૌદર્ય વિજય |
| ૧૪ ઉદયભાણ | ૩૩ રાંડાંડ કન્યા | ૫૧ દેવી દેવહુતી |
| ૧૫ મોહનચંદ્ર | ૩૪ પવીત્ર લક્ષ્મી | ૫૨ મહારાજા અશે |
| ૧૬ વિજય કમળા | ૩૫ કુસુમલતા | ૫૩ સતી સુલોચના |
| ૧૭ ગીતા સુંદરી | ૩૬ હંસાકુમારી | ૫૪ અસુરીમાયા |
| ૧૮ સતી સીતા | ૩૭ ગુલબંકાવલી | ૫૫ રૂકિમણી હરણ |
| ૧૯ શ્રી ભદ્રાયુ | | |